mooningમાન. કાંતિલાલ અમૃતિયા સાહેબ ૧૦/૨/૨૦૨૩

## સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

# સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો, આર્થિક રીતે પછાતવર્ગો, લઘુમતીઓ અને વિચરતી-વિમુકત જાતિઓનું કલ્યાણ

- રાજય સરકાર ધ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો, આર્થિક રીતે પછાતવર્ગો, લઘુમતીઓ અને વિચરતી-વિમુકત જાતિઓના શૈક્ષણિક, આર્થિક અને સામાજિક વિકાસ માટે અનેકવિધ યોજનાઓનો અમલ કરવામાં આવી રહ્યો છે.
- અગાઉની સરકારોમાં શિષ્યવૃત્તિની સમયસર ચુકવણી થતી ન હતી જેના કારણે યોજનામાં ઘણી બધી ફરિયાદો થતી હતી અને ઘણી અનિયમિતતાઓ ચાલતી હતી. પ્રાથમિક શાળાના વિધાર્થીઓને શિષ્યવૃત્તિ / ગણવેશ સહાય શાળાઓ ખુલ્યા પછી નવેમ્બર-ડીસેમ્બર મહીનામાં ચુકવવામાં આવતી હતી.
- આ સરકારે શિષ્યવૃત્તિ ચુકવવાની આ પધ્ધતિમાં ફેરફાર કરી ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતા વિધાર્થીઓને શિષ્યવૃતિ અને ગણવેશ સહાયની રકમ ડિઝીટલ ગુજરાત પોર્ટલ ધ્વારા વિધાર્થીઓના બેંક ખાતામાં જમા કરવાની નીતિ અમલમાં મુકવામાં આવી છે.
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી-વિમુકત જાતિઓ અને લુધમતીઓ અમલીત વિવિધ યોજનાઓ જેવી કે પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક, સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો માટેની વિવિધ શિષ્યવૃત્તિની યોજનાઓ, વ્યકિતલક્ષી યોજનાઓ જેવી કે વિદેશ અભ્યાસ લોન, કોમર્શીયલ પાયલોટની તાલીમ માટે લોન, મામેરા, સમૂહ લગ્ન માટેની સહાય યોજના, માનવ ગરીમા યોજના, છાત્રાલય અને આદર્શ નિવાસી શાળામાં પ્રવેશ જેવી વિવિધ યોજનાઓને અમલીકરણ ઓનલાઇન કરવામાં આવે છે.
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી-વિમુકત જાતિઓ અને લુધમતીના ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા ૩૧.૭૧ લાખ વિધાર્થીઓને વિવિધ શૈક્ષણિક યોજનાઓ હેઠળ આશરે રૂ.૨૫૮.૯૮ કરોડની શિષ્યવૃતિ રકમ ગુજરાત પોર્ટલ ધ્વારા વિધાર્થીઓના બેંક ખાતામાં જમા કરવામાં આવી છે.

# સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો, આર્થિક રીતે પછાતવર્ગો, લઘુમતીઓ અને વિચરતી-વિમુકત જાતિઓનું કલ્યાણ

## પંડિત દિન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના

- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ અને વિચરતી-વિમુકત જાતિના લાભાર્થીને મકાન બાંધવા નાણાકીય સહાય આપવાની યોજના અમલમાં છે.
- અગાઉ પછાત વર્ગના લાભાર્થીને મકાન બાંધવા માટે રૂ.૯૦૦૦/- થી રૂ.૨૦,૦૦૦/- સુધીની સહાય આપવામાં આવતી હતી, જે ઘણી અપૂરતી હતી.
- વર્તમાન સરકારે આ સહાયમાં વધારો કરીને હવે મકાન બાંધવા માટે રૂ.૧.૨૦ લાખ સુધીની સહાય આપવામાં આવે છે.
- વર્ષ ૨૦૦૩-૦૪ થી અતિ પછાત અને ભટકતુ જીવન ગાળતી વિચરતી-વિમુકત જાતિઓ સહિત પછાત વર્ગોની વસાહત બાંધવાની નીતિ અમલમાં મુકવામાં આવી
- વાદી, મદારી, નટ, બજાણીયા, દેવીપૂજક, ચામઠા, સરાણીયા, ખાંગસીયા, ભરથરી, લુહારીયા, ફકીર, ડફેર જેવી અતિ પછાત તેમજ વિચરતી-વિમુકત જાતિઓ સહિત પછાત વર્ગોની કલ્સ્ટર સહિત નાની મોટી આશરે ૫૩૦ જેટલી વસાહતો બાંધવામાં આવી છે.
- ભારત સરકારના વિચરતી-વિમુકત જાતિના આયોગે આ સિધ્ધિને બિરદાવીને રાજય સરકારને અભિનંદન આપેલ છે.
- ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ કલ્યાણ સમિતિએ આ કામગીરીને બિરદાવીને રાજય સરકારને અભિનંદન આપેલ છે.
- છેલ્લા ૧૦ વર્ષમાં વિકસતી જાતિના ૧.૭૮ લાખ લાભાર્થીઓને મકાન બાંધવા ત્રણ હપ્તામાં રૂ.૮૪૪.૫૬ કરોડની સહાય આપવામાં આવી છે

## સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
## સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો, આર્થિક રીતે પછાતવર્ગો, લઘુમતીઓ અને વિચરતી-વિમુકત જાતિઓનું કલ્યાણ

---

### પીએમ યશસ્વી પ્રિ.મેટ્રીક અને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજના

⇨ આ યોજના વર્ષ ૨૦૨૨-૨૩થી અમલમાં આવેલ છે.

⇨ આ યોજના ૬૦% કેન્દ્ર પુરુસ્કૃત યોજના છે. ૪૦% રજય સરકારનો ફાળો હોય છે.

⇨ આ યોજના અંતર્ગત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ અને વિચરતી-વિમુકત જાતિના ધોરણ ૯ થી ૧૦માં અભ્યાસ કરતા વિધાર્થીઓને વાર્ષિક રૂ.૪૦૦૦/- શિષ્યવૃતિ આપવામાં આવે છે.

⇨ પોસ્ટ એસએસસીમાં અભ્યાસ કરતા વિધાર્થીઓને ભારત સરકારે નિયત કરેલ ગ્રુપ-એ થી ડી સુધીના અભ્યાસક્રમો માટે રૂ.૫૦૦૦/- થી રૂ.૨૦,૦૦૦/- સુધીની શિષ્યવૃતિ આપવામાં આવે છે.

⇨ આ યોજના માટે વાર્ષિક આવક મર્યાદા રૂ. ૨.૫૦ લાખ નિયત કરેલ છે.

⇨ આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩ અને ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં જાન્યુ-૨૩ સુધીમાં ૧૧.૩૦ લાખ વિધાર્થીઓને રૂ.૫૬૨.૬૯ કરોડની શિષ્યવૃતિ ચૂકવવામાં આવી છે.

⇨ વર્ષ ૨૦૨૩-૨૪માં પ્રિ.મેટ્રીક અને પોસ્ટ એસએસસીમાં અભ્યાસ કરતા ૯.૭૫ લાખ વિધાર્થીઓને શિષ્યવૃતિ આપવા માટે રૂ.૫૬૧.૫૦ કરોડની નાણાંકીય જોગવાઇ કરવામાં આવી છે.